# પાઠ - ૧૦ વિશ્વાસ

**યાદ રાખો :** *" પણ વિશ્વાસ વગર દેવને પ્રસન્‍ન કરવો એ બનતું નથી. કેમ કે દેવની પાસે જે કોઈ આવે, તેણે તે છે અને જેઓ ખંતથી તેને શોધો છે તેઓને તે ફળ આપે છે એવો વિશ્વાસ કરવો જોઈએ. " (હિબ્રૂ ૧૧ : ૬))*

**પ્રસ્તાવના :** *આપણું તારણ જે આપણા વિશ્વાસનું પરિણામ છે. તે ઉપરાંત ઈશ્વરના વચનો પર વિશ્વાસ કરવાના બીજા સંખ્યાબંધ લાભો છે. હિબ્રૂ ૧૦ : ૩૫ કહે છે આપણે વિશ્વાસનો જે મોટો બદલો મળવાનો છે તેને નાખી ન દઈએ. જેથી આપણું તારણ થયું તેટલો જ વિશ્વાસ આપણે રાખીશું તો આપણે તેની સાથે ઘણી મહાન બાબતો પૂર્ણ કરી શકીશું.*

*હિબ્રૂઓના પુસ્તકનો ૧૧ મો અધ્યાય "વિશ્વાસનો ખંડ" કહેવાય છે. તેમાં આપણને મહાન પુરુષો અને સ્ત્રીઓ જેઓએ તેમનો વિશ્વાસ ઈશ્વરમાં વ્યક્ત કર્યો. તેનું વર્ણન જોવા મળે છે. આપણને જાણવા મળે છે કે તેઓના વિશ્વાસે તેઓના જીવનના હેતુ અને જીવનશૈલીને અસર કરી. કલમ ૬ કહે છે, "પણ વિશ્વાસ વગર દેવને પ્રસન્‍ન કરવો એ બનતું નથી." વિશ્વાસ એ કોઈ જાદુની છડી નથી કે જે તમારી દરેક ઈચ્છાને પૂરી કરશે પણ તમારા ભાગે તથા કાર્યો દ્વારા તમારી ઈશ્વર પ્રત્યેની પ્રતિક્રિયાનો પુરાવો છે, જે તમારા વતી ઈશ્વરને કાર્ય કરવા પ્રેરે છે.*

## વિશ્વાસનું ઉદ્‌ગમસ્થાન

*(૧) કેવી રીતે વિશ્વાસનું બી આપણા હૃદયોમાં રોપાય છે ? (રોમન ૧૦ : ૧૭)*

*..................................................................*

*(૨) બે માર્ગો જણાવો જે વડે આપણે આપણા હૃદયોમાં ઈશ્વરના વચનને મેળવીએ છીએ ?*

*(રોમન ૧૦ : ૧૪) ..........................................*

*(ગીતશાસ્ત્ર ૧ : ૧-૬) ..........................................*

## વિશ્વાસ કાર્યમાં

*(૧) વાંચો યાકૂબ ૨ : ૧૭-૨૨*

*વિશ્વાસ કરણીઓ વગર ........................ છે. (કલમ ૧૭)*

*સાચો વિશ્વાસ પોતાને કેવી રીતે દર્શાવે છે ?*

*.................................................................. (કલમ ૧૮)*

*આપણા વિશ્વાસને ........................ કરવામાં આવ્યો છે. (કલમ ૨૨)*

*(૨) હિબ્રુ ૧૧ : ૭ માં નૂહે તેનો વિશ્વાસ કેવી રીતે વ્યક્ત કર્યો ?*

*..................................................................*

(૩) વાંચો લુક ૫ : ૧૮-૧૯ પક્ષઘાતી માણસના મિત્રોએ તેમનો વિશ્વાસ દર્શાવવા શું કર્યું ? માત્થી ૮ : ૮ માં તેણે શું કહ્યું જેણે તેના વિશ્વાસને વ્યક્ત કર્યો ?

.............................................................................

(૪) કારણકે જમાદાર ઈસુના અધિકારને સમજ્યો ત્યારે તેણે તેના ચાકર માટે ચમત્કાર પ્રાપ્ત કર્યો.

.................................................................

(૫) આપણી પ્રાર્થનાઓનો ઉત્તર પ્રાપ્ત કરવા માટે કઈ બે શરતો છે ? (માર્ક ૧૧ : ૨૩)

....................... અને .......................

## વિશ્વાસ અને ભરોસો

(૧) માત્થી ૬ : ૨૫-૩૩ આપણને ઈશ્વરના સર્જન માટેની તેમની કાળજી વિશે કહે છે. આપણી જરૂરિયાતો પૂરી કરવામાં આવશે તે માટે આ કલમો શું ખાતરી આપે છે ?

.................................................................

(૨) રોમન ૪ : ૧૯ - ૨૧ આપણને કહે છે કે ઈબ્રાહીમ ઈશ્વરે આપેલા વચનમાં ....................... નહિ પરંતુ જે વચન તેણે તેને સોંપ્યુ હતુ તે પૂરું કરવાને પણ તે સમર્થ છે એવો પૂરો ભરોસો રાખીને તે વિશ્વાસમાં ....................... રહ્યો. તેના દૃઢ વિશ્વાસને પરિણામે તેણે વચન પ્રમાણે દિકરો ઈસહાક પ્રાપ્ત કર્યો.

(૩) દેવની ઈચ્છા પ્રમાણે વર્ત્યા પછી તમને હજુ વચનનું ફળ ન મળ્યું હોય તો તમારે શું કરવાની જરૂર છે ? (હિબ્રૂ ૧૦ : ૩૬)

વચનનું ફળ મળ્યુ એ પહેલાં

(૪) ઈબ્રાહીમે વિશ્વાસીઓનો પિતા, (ગલાતી ૩ : ૭) ....................... રાહ જોઈ. (હિબ્રૂ ૬ : ૧૫)

(૫) ૧ પિત્તર ૧ : ૭ - ૯ આપણને કહે છે કે આપણા વિશ્વાસની પરીક્ષા જે અગ્નિથી પરખાયેલા નાશવંત ....................... કરતાં બહુ મૂલ્યવાન છે. તે ઈસુ ખ્રિસ્તના પ્રગટ થવાની વેળાએ સ્તુતિ, માન તથા મહિમા યોગ્ય થાય.

(૬) વિશ્વાસની ઢાલ આપણું શાનાથી રક્ષણ કરશે ? (એફેસી ૬ : ૧૬)

.................................................................

(૭) ફિલિપ ૧ : ૬ આપણને કહે છે કે ઈશ્વરે આપણા જીવનોમાં સારા કામનો આરંભ કર્યો છે અને જ્યારે તેમણે તે શરૂ કર્યું છે, એ સિવાય તે બીજુ શું કરશે ? ...............................................

(૮) ૨ કરિંથી ૫ : ૭ કહે છે,

"કેમ કે અમે ....................... થી ચાલીએ છીએ ....................... થી નહિ"

આનો અર્થ એમ કે જો આપણે ભવિષ્ય જોઈ શકતા નથી, તેમછતાં આપણે વિશ્વાસકરવાનું ચાલુ રાખીશું કે વિપરીત સંજોગો હોવા છતાં આપણા જીવનોનું નિયંત્રણ ઈશ્વર કરે છે.

## વિશ્વાસમાં વિઘ્નો :-

(૧) વાંચો યાકૂબ ૧ : ૫-૮

આપણા સંદેહનું શું પરિણામ આવે છે ?

..........................................................................................

(૨) ઈસુ પરનાં પિત્તરના વિશ્વાસે તેને શું કરવાની પરવાનગી આપી ? (માત્થી ૧૪ : ૨૩-૩૨)

..........................................................................................

થોડાંક પગલાઓ ભર્યા પછી તે ડૂબવા લાગ્યો, શા માટે ?

..........................................................................................

(૩) જ્યારે આપણા વિચારોની આપણા વિશ્વાસ ઉપર દઢ અસર પડી શકે છે ત્યારે ૨ કરિંથી ૧૦ : ૫ આપણને આપણી કલ્પનાઓ અને વિચારો સાથે શું કરવાનું કહે છે ?

....................... અને .........................

## સારાંશ

"હવે વિશ્વાસ તો જે વસ્તુઓની આશા આપણે રાખીએ છીએ તેની ખાતરીછે, અને અદશ્ય વસ્તુઓની સાબિતી છે." (હિબ્રૂ ૧૧ : ૧) એનો અર્થ એમ કે વિશ્વાસ દ્વારા તમે કહી શકો.

"જેના માટે મેં પ્રાર્થના કરી છે તે મારી પાસે છે. જો કે તેને હું હજુ જોઈ શકતો નથી." આ એ કારણથી છે કે તમારો વિશ્વાસ ઈશ્વરનમાં છે. જેમના બોલવાથી જગત અસ્તિત્વમાં આવ્યું નહિ કે તમારી ક્ષમતા અને સામર્થ્યથી.

ઈસુએ કહ્યું, "જો તું કરી શકે ! વિશ્વાસ રાખનારે તો સર્વ શક્ય છે." (માર્ક ૯ : ૨૩) આનો અર્થ એ છે કે જોખમ લેવું વિશ્વાસથી પગલું ભરો અને તમારા જીવનના દરેક ક્ષેત્રમાં તેના પર સંપૂર્ણ ભરોસો રાખો.

## ઉત્તરો

**વિશ્વાસનું ઉદ્‌ગમસ્થાન**

(૧) ઈશ્વરનું વચન સાંભળવાથી (૨) ઉપદેશક દ્વારા વચનનું મનન કરવાથી

**વિશ્વાસ કાર્યમાં**

(૧) *નિર્જીવ, તમારી કરણીઓ વડે, સંપૂર્ણ*

(૨) *વહાણ બાંધીને*

(૩) *ઘરનાં છાપરામાં થઈને ઈસુની પાસે ગયા*

(૪) *પ્રભુ, માત્ર શબ્દ કહે*

(૫) *સંદેહ ન કરવો, વિશ્વાસ રાખવો.*

**વિશ્વાસ અને ભરોસો**

(૧) *તે આપણી સઘળી જરૂરિયાતો પૂરી પાડશે.*

(૨) *ડગ્યો, દૃઢ*

(૩) *ધીરજ*

(૪) *ધીરજથી*

(૫) *સોના*

(૬) *દુષ્ટના બળતા ભાલાઓથી*

(૭) *કાર્યને સંપૂર્ણ કરશે*

(૮) *વિશ્વાસ, દૃષ્ટિ*

**વિશ્વાસમાં વિઘ્નો**

(૧) *જે આપણે માગીએ છીએ તે આપણને મળશે નહિ.*

(૨) *પાણી પર ચાલવાની*

*તે બીધો*

(૩) *તોડી પાડવાની, આધીનતામાં લાવવાની.*